શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ ગ્રામ્ય

संस्कृता स्त्री पराशक्ति ।

# ઈઝી ઈંગ્લિશ લર્નિંગ પ્રોગ્રામ

ધોરણ-3

# Easy English Learning Programme

STD - 3rd




શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અમદાવાદ (ગ્રામ્ય)


LEARN
ENGLISH
Easy
English

# ઈઝી ઈંગ્લિશ લર્નિંગ પ્રોગ્રામ

## ધોરણ-3

# Easy English Learning Programme

## STD - 3rd




**શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

**અમદાવાદ (ગ્રામ્ય)**

# DISTRICT INSTITUTE OF EDUCATION AND TRAINING
# AHMEDABAD (RURAL)

## Easy English Learning Programme

## STD - 3rd

### : માર્ગદર્શક :

પ્રાચાર્ય
શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ (ગ્રામ્ય)

### : સંકલન :

શ્રી કમલેશબેન તિવારી
તથા ડાયટ પરિવાર
અમદાવાદ (ગ્રામ્ય)

### : લેખક :


શ્રી વૈદેહીબેન એચ. સોની (બાકરોલ (બાદરાબાદ) પ્રાથમિક શાળા, દસક્રોઈ)
શ્રી હિરલબેન જાની (મુખ્ય કુમાર શાળા નં. ૧, રાણપુર)
શ્રી ધર્મેન્દ્રભાઈ આર. પટેલ (ખ્યાતિ પ્રાથમિક શાળા, જગતપુર, દસક્રોઈ)
શ્રી પૌલોમીબેન પી. ભટ્ટ (લોદરિયાળ પ્રાથમિક શાળા, સાણંદ)
શ્રી નેહાબેન બી. મહેતા (દેવડી પ્રાથમિક શાળા, દસક્રોઈ)
શ્રી તૃપ્તિબેન ડી. જોશી (ઓડ પ્રાથમિક શાળા, દસક્રોઈ)
શ્રી અભયભાઈ યુ. પાંડે (લાંભા પ્રાથમિક શાળા, દસક્રોઈ)
શ્રી મિતેશભાઈ આર. પંચાલ (રામપુરા પ્રાથમિક શાળા, ધોળકા)
શ્રી હરદીપભાઈ એ. વેગડા (પાલડી પ્રાથમિક શાળા, ધોળકા)
શ્રી નયનભાઈ એસ. વ્યાસ (નવરંગપુરા પ્રાથમિક શાળા, દસક્રોઈ)
શ્રી પૂજાબેન એસ. મિશ્રા (આદિનાથનગર પ્રાથમિક શાળા, સીટી)
શ્રી એન્જેલાબેન આર. ક્રિશ્ચિયન (ઈસ્ટોલાબાદ પ્રાથમિક શાળા, દસક્રોઈ)


ABCDEFGHIJKLMNOPQRSTUVWXYZ

# પ્રસ્તાવના

સુજ્ઞ સારસ્વત મિત્રો,

ગુજરાતમાં અંગ્રેજી ભાષાનો સમાવેશ અભ્યાસક્રમ તરીકે ધોરણ ૩ના દ્વિતિય સત્રથી કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાથી અભિમુખ કરાવવાનો આ નમ્ર પ્રયાસ છે. આ 'મોડ્યુલ'થી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે રસ કેળવાશે.

આજના આધુનિક - ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થીઓનો અંગ્રેજી ભાષામાં પાયો, સમજ તથા જ્ઞાન નાનપણથી જ સુવ્યવસ્થિત વિકાસ પામે તે માટે આ મોડ્યુલનું સર્જન કરી આપ સમક્ષ મૂકતા ડાયટ પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.

ભાષાના અધ્યયન વિકાસ માટે સામાન્ય રીતે શ્રવણ, કથન, વાચન અને લેખનના ચાર મુખ્ય આધાર સ્તંભોનો ઉપયોગ કરવામાં આવે છે. જે પૈકી પ્રસ્તુત મોડ્યુલમાં શ્રવણ અને કથનને અગ્રતા આપી મોડ્યુલ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

આપના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ અંગ્રેજી ભાષાને વિદ્યાર્થીઓ સહર્ષ સ્વીકારતા થાય અને રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ કરતા થાય તેવો આ 'મોડ્યુલ'નો હેતુ છે. આ મોડ્યુલમાં વિદ્યાર્થીઓને માત્ર અંગ્રેજી ઉચ્ચારથી જ પરિચિત કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શિક્ષકશ્રીઓના માર્ગદર્શન માટે જ સ્પેલીંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

મોડ્યુલમાં એકમો વાર્તા, ગીતો તથા ટૂચકા દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. આ મોડ્યુલ આપ સૌને ખૂબ જ ઉપયોગી નીવડશે તેવી શુભેચ્છા સહ.

પ્રિન્સિપાલ
શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
અમદાવાદ - ગ્રામ્ય

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| ૧. | બોડી પાર્ટ્સ (Body Parts) - શરીરના અંગો | ૧ થી ૫ |
| ૨. | ડેઈલી એક્ટીવીટીઝ્ (Daily Activities) - દૈનિક ક્રિયાઓ | ૬ થી ૧૦ |
| ૩. | માય હોમ (My Home) - મારું ઘર | ૧૧ થી ૧૫ |
| ૪. | વેજીટેબલ્સ, આઈ ઈટ (Vegetables, I eat) - શાકભાજી | ૧૬ થી ૨૨ |
| ૫. | ફ્રૂટ્સ, આઈ ઈટ (Fruits, I eat) - ફળો | ૨૩ થી ૨૬ |
| ૬. | માય ક્લાસરૂમ (My Classroom) - મારો વર્ગખંડ | ૨૭ થી ૨૯ |
| ૭. | ફ્લાવર્સ, આઈ નો (Flowers, I know) - ફૂલો | ૩૦ થી ૩૩ |
| ૮. | ડોમેસ્ટીક એનિમલ્સ (Domestic Animals) - પાલતું પ્રાણીઓ | ૩૪ થી ૩૯ |
| ૯. | ટૂર ટુ ઝૂ (Tour to Zoo) - પ્રાણી સંગ્રહાલયની સફરે | ૪૦ થી ૪૫ |
| ૧૦. | નંબર્સ (Numbers) - સંખ્યા | ૪૬ થી ૫૧ |
| ૧૧. | અપેન્ડીક્ષ (Appendix) | ૫૨ થી ૫૫ |
| | સ્ટોરીઝ (Stories) - વાર્તા રે વાર્તા | ૫૨ થી ૫૩ |
| | રાયમ્સ (Rhymes) - અભિનય ગીતો, જોડકણાં | ૫૪ |
| | લોન વર્ડ્ઝ (Loan Word) | ૫૫ |


ABCDEFGHIJKLMNOPQRSTUVWXYZ

# પગલું - ૧

## બોડી પાર્ટ્સ (BODY PARTS) - શરીરના અંગો

હેતુ - વિદ્યાર્થીઓ શરીરના વિવિધ અંગોના અંગ્રેજી નામથી પરિચય મેળવે

**પગલું-૧ વિદ્યાર્થીઓ પોતાના શરીરનાં અંગોની અંગ્રેજી ભાષામાં વિવિધ સોપાનો દ્વારા માહિતી મેળવશે.**

- સૌ પ્રથમ શિક્ષક ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે માનવ શરીરનું ચિત્ર બ્લેક બોર્ડ પર દોરશે.
- ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે શરીરના અંગોનું નામનિર્દેશન કરશે. (ઉપરોક્ત બાબત ચાર્ટ દ્વારા પણ દર્શાવી શકાય.)
- શિક્ષક પોઈન્ટરની મદદથી વિદ્યાર્થીઓ સમક્ષ શરીરના ભાગોનો અંગ્રેજીમાં પરિચય આપશે અને વિદ્યાર્થીઓ પાસે બોલાવી મહાવરો કરાવશે.



| | | | | |
|---|---|---|---|---|
| હેર - Hair | આઈ - Eye | લેગ - Leg | હેન્ડ - Hand | આર્મ - Arm |
| નોઝ - Nose | માઉથ - Mouth | સોલ્ડર - Shoulder | ઈયર - Ear | ની - Knee |
| એલ્બો - Elbow | ફૂટ - Foot | | | |

ઉદાહરણ : હેઅર (Hair) - વાળ
આઈ (Eye) - આંખ

હવે શિક્ષક પોતે પોતાનો 'હાથ' બતાવીને વિદ્યાર્થીઓ સમક્ષ કહેશે.

શિક્ષક (હાથ બતાવીને) બાળકો આ મારો 'હેન્ડ' છે. તમે મને તમારો હેન્ડ બતાવો તો !

ઉપરોક્ત સૂચવ્યા મૂજબ શિક્ષક અન્ય અંગોના 'અંગ્રેજી'માં નામ આપી સમજ આપશે.

શિક્ષક વિદ્યાર્થીને ઉભો કરીને તેના હાથને અડકવાનું કહેશે. જેના જવાબ રૂપે બેઠેલો વિદ્યાર્થી સમુદાય મોટેથી 'હાથ' નું અંગ્રેજી 'હેન્ડ' એમ બોલશે.

આવી જ રીતે બીજો વિદ્યાર્થી ક્રમશઃ આવીને પોત-પોતાનો જમણો હાથ શરીરનાં અન્ય ભાગો જેવા કે કાન, નાક, વાળ બતાવીને અન્ય પાસેથી તેના અંગ્રેજી નામો જાણશે.

શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ અભિનય ગીત રજૂ કરશે - જે માટે નાની મારી આંખ એ તો જોતી કાંક, કાંક... અભિનય ગીતના રાગનો ઉપયોગ કરી શકાય.

નાની મારી આઈઝ, એ તો જોતી નાઈસ નાઈસ.

એતો કેવી અજબ જેવી વાત છે.

નાનું મારું નોઝ, એતો સુંઘતું રેડ રોઝ એતો કેવી...

નાના મારા ઈયર, એતો સાંભળે ડિયર ડિયર એતો કેવી...

નાના મારા હેન્ડ, અમે રમીએ ફ્રેન્ડ ફ્રેન્ડ એતો કેવી...

નાના મારા લેગ, ખાવા દોડે ચોકલેટ એતો કેવી...

• શિક્ષક નીચે દર્શાવેલ વાર્તા યોગ્ય આરોહ-અવરોહ, અભિનય સાથે તેમજ નવા અંગ્રેજી શબ્દોની સમજ આપીને રજૂ કરશે.

# "ટીચર ! આમ કેમ !"

એક બ્યુટીફૂલ (સુંદર) ગામ હતું., તેમાં ઘણા બધા લોકો હેપ્પી હેપ્પી (ખુશ-ખુશ) રહેતા હતા. તે ગામમાં એક બ્યુટીફૂલ (સુંદર) સ્કૂલ પણ હતી, ત્યાં ઘણા બાળકો ભણવા આવતા.

એક દિવસ તન્મય નામના વિદ્યાર્થીએ તેના ટીચરને સવાલ પુછ્યો.

તન્મય : ટીચર ! ટીચર, ભગવાને આપણને આઈઝ (આંખો) શા માટે આપી હશે ?

ટીચર : બેટા ! ગુડ ગુડ (સારું સારું) જોવા માટે

તન્મય : ટીચર ! નોઝ (નાક) શા કામનું ?

ટીચર : સારી સારી સ્મેલ (સુગંધ) લેવા

ટીચર : ટીચર ! મારા લીપ્સ (હોઠ)નું શું કામ ?

ટીચર : સારા સારા વર્ડ્ઝ (શબ્દો) બોલવા.

તન્મય : ટીચર ! તો આ મારા હેન્ડ્ઝ ? (હાથ)

ટીચર : જો બેટા ! બંને હેન્ડ્ઝ થી સારું વર્ક (કામ) અને બીજાને હેલ્પ (મદદ) કરવી જોઈએ.

તન્મય : ટીચર ! એક લાસ્ટ (છેલ્લો) સવાલ પૂછું ?

ટીચર : પૂછને બેટા !

તન્મય : આ બંને લેગ્સ (પગ) થી શું કરાય ?

ટીચર : (ખડખડાટ હસીને, તન્મયને પકડીને) ટાઈમસર સ્કૂલે આવવા...

બંને ખડખડાટ હસે છે.

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

શિક્ષક નીચે દર્શાવ્યા પ્રમાણે જોડકા રજૂ કરી વિદ્યાર્થીઓનું જ્ઞાન ચકાસશે.

| A | B |
|---|---|
| હેન્ડ | ચાલવું |
| લેગ | કામ કરવું |
| ઈયર | જોવું |
| નોઝ | સુંઘવું |
| આઈ | સાંભળવું |

1. Eye – આઈ - આંખ
2. Ear – ઈયર - કાન
3. Nose – નોઝ - નાક
4. Lips – લીપ્સ - હોઠ
5. Tooth – ટૂથ - એક દાંત
6. Teeth – ટીથ - દાંત
7. Tongue – ટંગ - જીભ
8. Neck – નેક - ગરદન
9. Face – ફેસ ચહેરો
10. Shoulder – શોલ્ડર - ખભો
11. Head – હેડ - માથું
12. Elbow – એલ્બો - કોણી
13. Thigh – થાઈ - જાંઘ
14. Wrist – રિસ્ટ - કાંડું
15. Fingers – ફીન્ગર્સ - આંગળીઓ
16. Thumb – થમ્બ - અંગુઠો
17. Chest – ચેસ્ટ - છાતી
18. Waist – વેસ્ટ - કમર
19. Knee – ની - ઘૂંટણ
20. Foot – ફુટ - પગ
21. Leg – લેગ - પગ
22. Heel – હિલ એડી
23. Nail – નેઈલ - નખ
24. Fore head – ફોર હેડ - કપાળ
25. Eyebrow – આઈબ્રો - નેણ
26. Eyelids – આઈલીડસ - પાંપણની ચામડી
27. Eyelash – આઈલેશ - પાંપણ
28. Throat – થ્રોટ - ગળું
29. Stomach – સ્ટમક - પેટ
30. Cheeks – ચીક્સ - ગાલ

# માય સેલ્ફ (MY SELF)

ધીસ ઈઝ મી **(This is me)**

ધીઝ આર ધ મેઈન પાર્ટ્સ ઓફ માય બોડી **(These are the main parts of my body)** - શરીરના મુખ્ય ભાગો




આઈઝ **(Eyes)** : આઈ સી વીથ માય આઈઝ **(I see with my Eyes.)** - હું મારી આંખો વડે જોઉં છું.

ઈયર્સ **(Ears)** : આઈ હિયર વીથ માઈ ઈયર્સ **(I hear with my Ears)** - હું મારા કાન વડે સાંભળું છું.

નોઝ **(Nose)** : આઈ સ્મેલ વીથ માઈ નોઝ **(I smell with my Nose)** - હું મારા નાક વડે સુંઘુ છે.

હેન્ડ્ઝ **(Hands)** : આઈ વર્ક વીથ માઈ હેન્ડ્ઝ **(I work with my hands)** - હું મારા હાથ વડે કામ કરું છું.

# પગલું - ૨

## ડેઈલી એક્ટિવિટીઝ (DAILY ACTIVITIES) - રોજિંદી ક્રિયાઓ

હેતુ : વિદ્યાર્થીઓ પોતાની દૈનિક પ્રવૃત્તિઓને અંગ્રેજીમાં બોલતા અને જાણતા જાય.

શિક્ષક નીચેનું કાવ્ય વિદ્યાર્થીઓ સમક્ષ અભિનય સાથે ગાઈ તેમને ગવડાવશે.

''રાજુ ગેટ્સ અપ અર્લી''........... ઈયા......... ઈયા......... ઓ.

મીના બ્રશીંગ ડેઈલી................ ઈયા......... ઈયા......... ઓ.

રાજુ બાથીંગ ડેઈલી................ ઈયા......... ઈયા......... ઓ.

મીના પ્રેઈંગ ડેઈલી................ ઈયા......... ઈયા......... ઓ.

રાજુ પ્લેઇંગ ડૅઈલી................ ઈયા......... ઈયા......... ઓ.

મીના રીડીંગ ડેલી.................. ઈયા......... ઈયા......... ઓ.

રાજુ સ્લીપીંગ અર્લી................ ઈયા......... ઈયા......... ઓ.

નોંધ: ઉપરોક્ત કાવ્યમાં રાજુ અને મીનાના નામને બદલે શિક્ષક વર્ગખંડના વિદ્યાર્થીઓના નામ મૂકીને ઉપરોક્ત કાવ્ય ગવડાવી શકે છે. જ્યાં વિદ્યાર્થીઓ વધુ હોય ત્યાં ૨ થી ૩ વખત કાવ્ય ગવડાવી શકાય.

ઉપરોક્ત કાવ્યના અનુસંધાનમાં

ગેટ્સ અપ અર્લી (Gets up Early) વહેલા ઉટવું.

બ્રશીંગ ડેઈલી (Brushing Daily) રોજ બ્રશ કરવું.

બાથીંગ ડેઈલી (Bathing Daily) રોજ ન્હાવું.

પ્રેઈંગ ડેઈલી (Praying Daily) રોજ પ્રાર્થના કરવી.

પ્લેઇંગ ડેઈલી (Playing Daily) રોજ રમવું.

રીડીંગ ડેઈલી (Reading Daily) રોજ વાંચવું.

સ્લીપીંગ અર્લી (Sleeping Early) વહેલા સૂવું.

વગેરે અર્થ થાય છે.

• શિક્ષક એક કાલ્પનિક પાત્ર 'Bhola' ભોલા ની મદદથી વિદ્યાર્થીઓ સમક્ષ નીચે મુજબના પ્રશ્નો પૂછશે અને વિદ્યાર્થીઓ યસ (Yes) અથવા નો (No) થી જવાબ આપશે. આ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ યસ(Yes) = હા, નો(No) = ના ને જાણતા થશે.

ભોલા - બ્રશીંગ ડેઈલી?

વિદ્યાર્થી - યસ ભોલા...

ભોલા - બાથીંગ ડેઈલી

વિદ્યાર્થી - યસ ભોલા...

ભોલા - પ્રેઈંગ ડેઈલી?

વિદ્યાર્થી - યશ ભોલા...

ભોલા - ફાઈટીંગ ડેઈલી?

વિદ્યાર્થી - નો ભોલા...

ભોલા - રીડીંગ ડેઈલી?

વિદ્યાર્થી - યસ ભોલા...

નોંધ: શિક્ષક ઉપરોક્ત કાવ્ય માટે યોગ્ય અભિનય કરીને પ્રશ્નો પૂછશે.

રાગ = જોની... જોની... યસ... પાપા...

''ચાલો વાર્તા સાંભળીએ''

# 'નોટી ટપુ' (તોફાની ટપુ)

એક બ્યુટીફૂલ ગામ હતું તેનું નામ પાલડી, તે ગામમાં એક સરસ સ્મોલ (નાનકડી) સ્કૂલ. તે સ્કૂલમાં ઘણા સ્ટુડન્ટ્સ (વિદ્યાર્થીઓ) ભણવા આવે. પણ એક ટપુ નામનો બાળક સ્કૂલમાં આવે જ નહીં.

વન ડે (એક દિવસ) ટપુના સ્કૂલ ટીચર તેને મળવા તેના હોમ (ઘર) પર ગયા. ટપુની મમ્મીએ દુઃખી થઈને કહ્યું, 'અરે ! ટીચર આવો, જુઓને આ ટપુડો વહેલો ઉઠતો જ નથી. ઘણીવાર તો એ બ્રશ કે બેદીંગ (ન્હાવા) પણ ભૂલી જઈ તેના ફ્રેન્ડ્ઝ (મિત્રો) સાથે રમવા જતો રહે છે. મારું કહ્યું તો ક્યારેય કરતો જ નથી અને સ્કૂલ બેગને તો વળી અડકતો જ નથી. બોલો શું કરું ?'.

ટીચર તો વળી ખૂબ જ હોંશિયાર એટલે તેઓએ ટપુને પ્રેમથી બોલાવ્યો, અને માથે હાથ ફેરવી કહ્યું, ''બેટા ટપુ ! જો તું આમને આમજ કરીશ તો તું ક્યારેય ભણી શકીશ નહીં''. ''શું તું મોટો થઈને મજૂરીને ગુલામી કરવા માંગે છે ? દુઃખી જીવન જીવવા માંગે છે ?''

ટપુ તો આ સાંભળીને રડી પડ્યો, ને ટીચરને પગે પડી કહ્યું.

''ટીચર !'' આવતી કાલથી હું ડેઈલી (દરરોજ) વહેલો ઉઠીશ. બ્રશ તથાબેદીંગ (નાહી-ધોઈ) કરી ભગવાનને પ્રાર્થના કરીશ, ચા નાસ્તો રેગ્યુલર (સમયસર) કરી અભ્યાસ કરવા બેસી જઈશ. ને રેગ્યુલર (સમયસર) સ્કૂલમાં આવીશ'' હું પણ મારા ફ્રેન્ડ્ઝની જેમ ગુડ હેબીટ્સ (સારી ટેવો) પાડીશ.

ટીચરે કહ્યું, ''ટપુ ! સાંભળ નિયમિત ભોજન લેવું, હોમવર્ક (ગૃહકાર્ય) કરવું અને વડીલોને માન આપવું એ ગુડ હેબીટ્સ (સુટેવ) પણ પાડવી જોઈએ.''

ટપુએ આંસુ લુછતા કહ્યું, ''હા ! ટીચર હવે હું તોફાની ટપુ નહિ પણ સ્માર્ટ (હોંશિયાર) ટપુ બનીને બતાવીશ.''

ટીચર (ખુશ થઈને ટપુને બાથમાં લઈને) ''શાબાશ ! મારા ટપુડા.''

(બંને ખુશ થાય છે.)

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ બ્લેક બોર્ડમાં વાક્ય લખશે. જેના પ્રતિસાદ રૂપે શિક્ષક વિદ્યાર્થીઓ પાસે ગુડ-સારું અથવા બેડ-ખરાબ જવાબ મેળવશે.

| ઉદાહરણ : | શિક્ષક બોલશે | | | વિદ્યાર્થીઓ બોલશે |
|---|---|---|---|---|
| | ૧. | વહેલું ઉઠવું | ...... | ગુડ |
| | ૨. | તોફાન કરવું | ...... | બેડ |
| | ૩. | હોમવર્ક કરવું | ...... | ગુડ |
| | ૪. | સારું બોલવું | ...... | ગુડ |
| | ૫. | મોટાનું માન રાખવું | ...... | ગુડ |
| | ૬. | બહારનું ખાવું | ...... | બેડ |

(આ પ્રવૃત્તિ શિક્ષક મૌખિક રીતે પણ કરાવી શકશે.)

## ન્યુ વર્ડ્ઝ (New Words) - નવા શબ્દો

1. ડેઈલી (Daily) - દરરોજ
2. ડે (Day) - દિવસ
3. ગેટ અપ (Get up) - ઉઠવું
4. બ્રશ (To be brush) - બ્રશ કરવું
5. બેથ (To bath) - ન્હાવું
6. પ્રે (To pray) - પૂજા કરવી
7. પ્લે (To play) - રમવું
8. રીડ (To read) - વાંચવું
9. સ્લીપ (To sleep) - ઉંઘવું
10. અર્લી (Early) - વહેલા
11. બ્યુટીફૂલ (Beautiful) - સુંદર
12. સ્મોલ (Small) - નાનું
13. સ્કૂલ (School) - શાળા
14. વન (One) - એક
15. હોમ (Home) - ઘર
16. ફ્રેન્ડ (Friends) - મિત્ર
17. ટીચર (Teacher) - શિક્ષક
18. ટાઈમ (Time) - સમય
19. ગુડ (Good) - સારું
20. રેગ્યુલર (Regular) - નિયમિત
21. બેગ (Bag) - થેલો - થેલી
22. હેબીટ (Habit) - ટેવ
23. બેડ (Bad) - ખરાબ
24. હોમવર્ક (Home work) - ગૃહકાર્ય
25. સ્માર્ટ (Smart) - હોંશિયાર - ચતુર

# કીપ ક્લીન એન્ડ હેલ્થિ (KEEP CLEAN AND HEALTHY)





વી મસ્ટ
કીપ અવર બોડી ક્લીન
બ્રશ અવર ટીથ
હેવ એ બાથ એવરી ડે
વેર ક્લીન ક્લોથ્સ
ઈટ ગુડ ફૂડ.
વોશ અવર હેન્ડ્ઝ
બીફોર એન્ડ આફ્ટર
ઈટીંગ અવર ફૂડ





# પગલું - ૩

## માય હોમ (MY HOME) મારું ઘર

હેતુ : બાળકો ઘરની-રૂમની વસ્તુઓના નામથી પરિચિત થશે.

શિક્ષક મિત્રો, બાળક જ્યાં સૌથી વધુ સમય રહે છે, તે જગ્યા એટલે ઘર અને દુનિયાનો છેડો એટલે ઘર. આપણે બાળકને અભિનય ગીત દ્વારા ઘરના રૂમોથી અને વિભાગોથી પરિચિત કરીએ.



# એક્શન સોંગ (Action Song) અભિનય ગીત

મેં તો હાઉસ બનાવ્યું મસ્ત મસ્ત... (૨)

તેમાં છે એક ડ્રોઈંગ રૂમ

તેમાં સોફા બનાવ્યા મસ્ત મસ્ત... (૨)

તેમાં છે એક સુંદર ટેબલ

ઉપર ટીવી મુક્યું છે મસ્ત મસ્ત... (૨)

તેમાં છે એક સુંદર વાસ

તેમાં ફ્લાવર્સ મૂક્યા છે મસ્ત મસ્ત... (૨)

મેં તો હાઉસ બનાવ્યું મસ્ત મસ્ત... (૨)

તેમાં છે એક બેડ રૂમ

તેમાં બેડ્સ મૂક્યા છે મસ્ત મસ્ત... (૨)

તેમાં છે એક સુંદર કપબર્ડ

તેમાં ક્લોથ્સ મૂક્યા છે મસ્ત મસ્ત

મેં તો હાઉસ બનાવ્યું મસ્ત મસ્ત... (૨)

ઉપરોક્ત અભિનય ગીત બાદ, શિક્ષક બાળકને હાઉસના ચિત્ર દ્વારા હાઉસના જુદા જુદા વિભાગ (રૂમ) થી પરિચિત કરાવશે.

## શિક્ષકે કરાવવાની પ્રવૃત્તિ :

શિક્ષક બાળકોને ડ્રોઈંગ રૂમ, બેડરૂમ અને કિચન એમ ત્રણ ગૃપમાં વિભાજીયત કરશે. વિભાજીત થયેલા ગૃપના દરેક સભ્યને નીચે મુજબની પ્રશ્નોત્તરી કરશે.

## ડ્રોઈંગ રૂમ :

- તમારા ઘરના ડ્રોઈંગ રૂમમાં શું શું છે?
  (અપેક્ષિત જવાબ : સોફા, પલંગ, ઘડિયાળ, ટીવી, ટેબલ ખાટલો)
  (નોંધ : બાળક જે જવાબ આપે તે સ્વીકૃત રાખવો, ત્યારબાદ ભૂલ સુધારવી)
- તમારા ડ્રોઈંગ રૂમમાં ફેન છે?
- તમારા ડ્રોઈંગ રૂમમાં ફ્લાવરવાઝ છે?
- તમારા ડ્રોઈંગ રૂમમાં વિન્ડો છે?
- તમારા ડ્રોઈંગ રૂમમાં ડોર બેલ છે?
- તમારા ડ્રોઈંગ રૂમમાં કેલેન્ડર છે?

## બેડ રૂમ :

- તમારા બેડ રૂમમાં કેટલા બેડ્સ છે?
- તમારા બેડ રૂમમાં કપબર્ડ છે?
- તમારા કપબર્ડમાં શું શું મુકો છો?
- (ક્લોથ્સ, બેડ્સ, બ્લેન્કેટ... વગેરે)
- તમારા બેડ રૂમમાં ક્લોક છે?
- તમારા બેડ રૂમમાં બાથરૂમ છે?

## કિચન

કિચનમાં શું કરવામાં આવે છે?

કિચનમાં કઈ કઈ વસ્તુ બને?

કિચનમાં બીજું શું શું હોય?

કિચનનું ક્યું ફૂડ તમને સૌથી વધુ ગમે?

કિચનમાં તમે શું કરો?

મૂલ્યાંકન : નીચે આપેલા ચિત્રોને તમારા હાઉસનાં રૂમ્સમાં વહેંચો





(સ્પૂન)



(ટેબલ)



(પ્લેટ)



(બાઉલ)





(ફેન)



(બેડ)



(કપબોર્ડ)





(ચેર)



(ફ્લાવરવાઝ)



(ટી.વી.)

## ન્યુ વર્ડ્ઝ (New Words) - નવા શબ્દો

1. હાઉસ (House) - ઘર
2. ડ્રોઈંગ રૂમ (Drawing room) - બેઠક ખંડ
3. સોફા (Sofa) - સોફા
4. ટેબલ (Table) - ટેબલ
5. ટેલીવિઝન (Television - T.V.) - દૂરદર્શન
6. વાઝ (Vase) - કૂંજો
7. બેડરૂમ (Bedroom) - શયનખંડ
8. બેડ (Bed) - પથારી
9. કપબર્ડ (Cupboard) - કબાટ
10. ક્લોથ (Clothes) - કપડા
11. ફેન (Fan) - પંખો
12. વિન્ડો (Window) - બારી
13. ડોરબેલ (Doorbell) - દરવાજાની ઘંટડી
14. કેલેન્ડર (Calender) - કેલેન્ડર
15. બ્લેન્કેટ (Blanket) - ધાબળો
16. ક્લોક (Clock) - ઘડિયાળ
17. બાથરૂમ (Bathroom) - બાથરૂમ
18. કિચન (Kitchen) - રસોડું
19. ફૂડ (Food) - ખોરાક
20. સ્પૂન (Spoon) - ચમચી
21. પ્લેટ (Plate) - થાળી
22. બાઉલ (Bowl) - વાડકો

# પગલું - ૪

## VEGETABLES (શાકભાજી)

હેતુ : બાળકો વેજીટેબલના અંગ્રેજી નામ ઓળખે.

આ પ્રકરણમાં શિક્ષક બાળકોને નીચે મુજબના વેજીટેબલના નામથી પરિચિત કરાવશે.



પોટેટો (Potato) - બટાકા



ટોમેટો (Tomato) - ટામેટા



બ્રીન્જલ (Brinjal) - રીંગણ



કેબેજ (Cabbage) - કોબીઝ



પીઝ (Peas) - વટાણા



અન્યન (Onion) - ડુંગળી



કેરટ (Carrot) - ગાજર



ચીલી (Chilly) - મરચું



સ્પીનચ (Spinach) - પાલક



લેડીઝ ફિંગર (Ladies Finger) - ભીંડા



કોલીફ્લાવર (Cauliflower) - ફ્લાવર



બિટર ગર્ડ્ઝ (Bitter gourd) - કારેલું

# વેજીટેબલ્સ, આઈ ઈટ (VEGETABLES, I EAT) - શાકભાજી

શિક્ષક વર્ગખંડમાં ઉપરના દરેક વેજીટેબલને ચાર્ટ કે કાર્ડ દ્વારા દર્શાવશે. ત્યારબાદ બાળકોને તેમને ભાવતા વેજીટેબલ માટે પ્રશ્નોત્તરી કરશે.

જેમ કે, રમેશ અને ક્યું વેજીટેબલ ભાવે?

રમેશ : બટાકાનું શાક.

ત્યારે શિક્ષક રમેશને કહેશે, 'અરે વાહ રમેશને તો પોટેટો ભાવે છે.'

અને શિક્ષક પોટેટોનું ચિત્ર બતાવશે. જેથી બાળકને બટાકાને પોટેટો કહેવાય એ સંકલ્પના દૃઢ થશે.

આવી રીતે શિક્ષક દરેક બાળકને પ્રશ્નોત્તરી કરશે અને બાળકને ભાવતા વેજીટેબલનું નામ અંગ્રેજીમાં બોલશે.

## એક્ટીવીટી

શિક્ષક દરેક વેજીટેબલના કાર્ડ બનાવી બાળકને પહેરાવશે અને એક અઠવાડિયા કે તેથી વધુ દિવસો સુધી બાળકને વર્ગમાં આવતા જ તે કાર્ડ્સ પહેરવાની સૂચના આપશે અને બાળકને તેના નામથી ન બોલાવતા આપેલ વેજીટેબલ કાર્ડના નામથી જ બોલાવશે. સાથે સાથે બાળકોને પણ એ નામથી બોલાવવા કહેશે આ એક્ટીવીટી કરવાથી બાળકો વેજીટેબલનું નામ અંગ્રેજીમાં બોલતા ને વેજીટેબલ્સને ઓળખતા શીખશે.

# રમત

શિક્ષક બાળકોને રમત રમાડશે જેમાં બાળકો જેમણે કાર્ડ્ઝ પહેર્યા છે તેમની જોડી બનાવશે જેમકે પોટેટો-પોટેટો, ટોમેટો-ટોમેટો.

આમ, જોડ બનાવી વેજીટેબલ્સના નામ ધરાવતા બાળકોને નીચે મજુબની બે લાઈન બનાવશે અને વચ્ચે મોટું સર્કલ કરશે.

| | | |
|---|---|---|
| પોટેટો | | સ્પીનચ |
| ટોમેટો | | લેડીઝ ફિંગર |
| બ્રીન્જલ | | બ્રીન્જલ |
| કેબેજ | | પીઝ |
| પીઝ | | પોટેટો |
| અન્યન | | ટોમેટો |
| કેરટ | | ચીલી |
| ચીલી | | કેરટ |
| સ્પીનચ | | કેબેજ |
| લેડીઝ ફિંગર | | અન્યન |

શિક્ષક જે વેજીટેબલનું નામ બોલે તે વેજીટેબલ કાર્ડ પહેરેલ બાળકે સર્કલમાં આવી જવાનું રહેશે. આમ, એક પછી એક દરેક વેજીટેબલના નામ બોલશે અને બાળકોએ સર્કલમાં આવવાનું રહેશે. આ રમતામાં બાળકનું મગજ એક્ટીવ રહેશે તે પોતાનું નામ બોલાય એની રાહ જોતું હોય છે.

(નોંધ : શિક્ષક આ રમત બાળકોની એક એક જોડી બનાવી ઉપર મુજબ રમાડી શકે છે અથવા વધારે કાર્ડ્ઝ બનાવી વર્ગખંડના બધા બાળકોને એક સાથે રમત રમાડી શકે છે, જેથી બધા ધ્યાન આપે અને બાળકો ફ્રી ન રહે.)

**રાઈમ :** શિક્ષક બાળકોને વેજીટેબલ્સના ચિત્રો સાથે અભિનય કરી, નીચે મુજબની રાઈમ ગવડાવશે.

ટોમેટો પોટેટો બેટા કહાં ગયે થે ?
બ્રીન્જલ કી ટોકરી મેં સો રહે થે.
ચીલી ને લાત મારી રો રહે થે.
મમ્મી ને પ્યાર કીયા હસ રહે થે.
ટોમેટો પોટેટો બેટા કહાં ગયે થે ?
કેરેટ કી ટોકરી મેં સો રહે છે.
પીઝ ને લાત મારી રો રહે થે.
મમ્મી ને પ્યાર કીયા હસ રહે થે.
ટોમેટો પોટેટો બેટા કહાં ગયે થે ?
કેબેજ કી ટોકરી મેં સો રહે થે.
અન્યન ને લાત મારી રો રહે થે.
મમ્મી ને પ્યાર કીયા હસ રહે થે.

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

શિક્ષક વેજીટેબલના નામનું મૂલ્યાંકન કરવા બાળકને સાપ-સીડીની રમત રમાડશે.

રમત : આ રમત સામાન્ય સાપ-સીડીની રમત કરતા થોડી અલગ છે. આ રમતમાં દરેક સીડી ચડવા માટે જે પોઈન્ટ હોય ત્યાં એક એક વેજીટેબલનું ચિત્ર ચોટાડવું. બાળક તે પોઈન્ટ પર આવતા જો તે વેજીટેબલ ઓળખી શકે તો સીડી પર આગળ ચઢશે અને જો તે ના ઓળખે તો પોતાની જગ્યા પર સ્થાયી રહે. આવી જ રીતે દરેક સાપના મુખ આગળ એક એક વેજીટેબલનું ચિત્ર ચોટાડવું. જો બાળક તેને ઓળખે તો પોતાની જગ્યા પર સ્થાયી રહે અને ન ઓળખે તો ત્યાંથી ઉતરી સાપની પૂંછ ઉપરના પોઈન્ટ પર આવી જશે, આમ બાળકને રમવાની પણ મજા આવશે અને શિક્ષક તેનું મૂલ્યાંકન પણ કરી શકાશે.



ગીત: શિક્ષક મૂલ્યાંકન માટે એક નાનકડું ગીત ગવડાવશે જેમાં અન્ડરલાઈન કરેલ શબ્દો બાળકને બોલાવવા. શિક્ષક એક વાર ગીત ગાઈ લે ત્યારબાદ બાળક માટે અન્ડર લાઈનવાળા શબ્દો છોડી દેવા જેથી અધૂરી કડી બાળક પૂરી કરે છે.

જેમ કે: આ વાત કદી ન ભૂલાય
બટાકા ને તો પોટેટો કહેવાય.

બાળક લાઈન કરેલ શબ્દો બોલશે, તેના માટે શિક્ષક પ્રોત્સાહન આપશે.

આ વાત કદી ન ભૂલાય,
બટાકાને તો <u>પોટેટો</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય,
ટામેટા ને તો <u>ટોમેટો</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય.
રીંગણને તો <u>બ્રીન્જલ</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય.
કોબીજને તો <u>કેબેજ</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય.
ડુંગળીને તો <u>અન્યન</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય,
ગાજરને તો <u>કેરટ</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય,
મરચાને તો <u>ચીલી</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય,
પાલકને તો <u>સ્પીન્ચ</u> કહેવાય.
આ વાત કદી ન ભૂલાય,
ભીંડાને તો <u>લેડીઝ ફિંગર</u> કહેવાય.

આ ગીત એનીમલ્સ, ફ્રૂટ્સ, ફ્લાવર્સ, બર્ડ્ઝ ના નામ માટે પણ ઉપયોગમાં લઈ શકાય.

# VEGETABLES (શાકભાજી)



કોલીફ્લાવર
**CAULIFLOWER**



કેબેજ
**CABBAGE**



પોટેટો
**POTATO**



ટોમેટો
**TOMATO**



ચીલીઝ
**CHILLIES**



કેપ્સીકમ
**CAPSICUM**



રેડીસ
**RADISH**



ગાર્લીક
**GARLIC**



બોટલ ગર્ડ
**BOTTLE GOURD**



કુકુમ્બર
**CUCUMBER**



રેડ બીટ રૂટ
**RED BEET ROOT**



ડ્રમસ્ટીક
**DRUMSTICK**



મશરૂમ
**MUSHROOM**



જીંજર
**GINGER**



મિન્ટ
**MINT**



પમ્પકીન
**PUMPKIN**



કોરીએન્ડર
**CORIANDER**



બીન્સ
**BEANS**



સ્વીટ પોટેટો
**SWEET POTATO**

# પગલું - ૫

## ફ્રૂટ્સ (FRUITS) - ફળો

હેતુ : આ પ્રકરણમાં બાળક ફળોનાં નામથી પરિચિત થશે.

શિક્ષક નીચે આપેલ ફ્રૂટ્સની સમજણ આપે. આ પાઠમાં નીચે ચિત્રમાં બતાવ્યા પ્રમાણેના ફ્રૂટ્સ શીખવશે. તેના માટે ચાર્ટ બતાવી અંગ્રેજી ઉચ્ચાર અને ગુજરાતી અર્થ સાથે સમજાવવું.

- શિક્ષક જ્યારે ફ્રૂટ વિશે સમજાવવાના હોય તે દિવસે દરવાજા આગળ ફ્રૂટનું તોરણ લગાવવું.



શિક્ષક ફ્રૂટની ઓળખ આપવા માટે નીચેની Rhyme (રાઈમ) ગવડાવશે.

મામાજી કે બાગમે (૨)

ઓરેંજ ઔર બેરી ફેંક દિયે (૨)

પપાયા ખાના તો ભૂલ ગયે. (૨)

મામાજી કે બાગમેં આયે થે કુછ બંદર. (૨)

મામાજી જબ વાપસ આયે (૨)

ભાગ ગયે સબ બંદર. (૨)

હૂપ....... હૂપ....... હૂપ....... (૨)

નોંધ: આ રાયમ ગવડાવતી વખતે શિક્ષક મંકી (વાંદરા) ના માસ્ક બનાવી ચાર પાંચ વિદ્યાર્થીઓને વહેંચવાથી, ટોપલીમાં ફળોનાં ચિત્રો કે ફળો મૂકીને અભિનય કરાવી શકે.

# ઍક્ટીવીટી (Activity) - પ્રવૃત્તિ

શિક્ષક આ સાતેય ફ્રૂટના કાર્ડ બનાવી વિદ્યાર્થીઓમાં વહેંચી દે, જેટલા વિદ્યાર્થીઓ હોય તે પ્રમાણે કાર્ડ બનાવવા આ કાર્ડ દોરી વડે વિદ્યાર્થીઓના ગળામાં પહેરાવી દેવા ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને પ્રશ્ન પૂછશે.

- આમાંથી જે એપલ હોય તે આગળ આવી જાય.
- આમાંથી જે ઓરેન્જ હોય તે આગળ આવી જાય.
- આમાંથી જે ચીકુ હોય તે આગળ આવી જાય.

આ રીતે જુદા જુદા ફ્રૂટના નામથી વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા.

## FRUIT TRAIN (ફ્રૂટ ટ્રેન)

રેલગાડી સરરર...... સરરર...... જાય.
એપલ હોય તે ટ્રેનમાં બેસી જાય.
એપલ વાલે આહા..... એપલ વાલે..... ઓહો.....
એપલ વાલે ગરબા કરતા જાય.
કે રેલગાડી સરરર...... સરરર...... જાય.
બનાના હોય તે ટ્રેનમાં બેસી જાય.
બનાના વાલે આહા..... બનાના વાલે...... ઓહો.....
બનાના વાલે ભાંગડા કરતા જાય.
કે રેલગાડી સરરર...... સરરર...... જાય.
ઓરેન્જ હોય તે ટ્રેનમાં બેસી જાય.
ઓરેન્જ વાલે આહા...... ઓરેન્જ વાલે...... ઓહો......
ઓરેન્જ વાલે ઘુમર કરતા જાય.
કે રેલગાડી સરરર...... સરરર...... જાય.
રેલગાડી સરરર...... સરરર...... સરરર...... જાય.
મેંગો હોય તે ટ્રેનમાં બેસી જાય.
મેંગો વાલે આહા........ મેંગો વાલે...... ઓહો.....
મેંગો વાલે લાવણી કરતા જાય.
કે રેલગાડી સરરર...... સરરર...... જાય.
આ રીતે અલગ અલગ ફ્રૂટ વિશે ગવડાવી શકાય.

**નોંધ :** આ રાઈમ ગવડાવવા માટે શિક્ષકે ગાડીની શરૂઆત કરવી. ત્યારબાદ અલગ અલગ ફ્રૂટ જોડાતા જશે અને ટ્રેન મોટી બની જશે.

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

વિદ્યાર્થીઓએ નીચે આપેલા જોડકાં જોડવાના રહેશે, ઉચ્ચારને સાચા ચિત્ર સાથે જોડવા.

**A** | **B**

એપલ (Apple)



બનાના (Banana)



ચીકુ (Chiku)



પપાયા (Papaya)



મેંગો (Mango)



ઓરેન્જ (Orange)



ગ્રેપ્સ (Grapes)



- વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવા માટે સાપ સીડી (સ્નેક ઍન્ડ લેડર)ની રમત રમાડી શકાય.
- તેમાં જે વિદ્યાર્થી ફ્રૂટનું સાચું નામ બોલશે તે જ સીડી ચડી શકશે.
- જો વિદ્યાર્થી સાપના મોઢા આગળ દોરેલું ચિત્ર ઓળખી કાઢશે તો તેને સાપ ગળશે નહીં.

નોંધ : આ રીતે અન્ય વિષયો જેવા કે વેજીટેબલ્સ, એનીમલ્સ, ફલાવર્સ વગેરે માટે તે પ્રમાણેના ચિત્રો બદલી રમત રમાડી શકાય.

## સાપસીડી (સ્નેક એન્ડ લેડર)



# પગલું - ૬

## માય ક્લાસરૂમ (MY CLASS ROOM)

હેતુ : બળાકો વર્ગખંડમાની વસ્તુઓથી પરિચિત થાય.

શિક્ષક મિત્રો, તમે અને બાળકો જ્યાં બેઠાં છો તે સ્થળ એટલે ક્લાસરૂમ. આ એવી જગ્યા છે કે જ્યાં તમારા અને બાળક સિવાય પણ એક અલૌકિક દિવ્ય-શક્તિ બિરાજમાન છે. તે અલૌકિક શક્તિ આપણને જ્ઞાન તરફ પ્રેરે છે. તો આવો એવા અલૌકિક ક્લાસરૂમની માહિતી મેળવીએ.

સારસ્વત મિત્ર, બાળકોને ગીત ગવડાવી ક્લાસરૂમથી પરિચિત કરાવશે.

### અભિનય ગીત

ચાલો, ચાલોને જઈએ ક્લાસરૂમમાં,
ક્લાસરૂમમાં, ક્લાસરૂમમાં,,
સ્કૂલનાં સુંદર ક્લાસરૂમમાં,
ક્લાસરૂમમાં છે એક ટેબલ,
ટેબલ પર છે થોડી બુક્સ
બુક્સ પાસે છે ડસ્ટર લૂક્સ.
ચાલો, ચાલોને જઈએ ક્લાસરૂમમાં,
ક્લાસરૂમમાં છે એક બ્લેક બોર્ડ,
બ્લેક બોર્ડ પાસે છે ડસ્ટર અને ચોક,
તેની પાસે છે ચાર્ટ્સ અને પિક્ચર્સ,
તેમાં પૂર્યા છે અવનવા કલર્સ.
ચાલો, ચાલોને જઈએ ક્લાસરૂમમાં,
ક્લાસરૂમમાં, ક્લાસરૂમમાં,
સ્કૂલનાં સુંદર ક્લાસરૂમમાં....

નોંધ : શિક્ષક મિત્રો પોતાના વર્ગખંડને અનુરૂપ અભિનયગીતમાં સ્થળ, પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરી શકે છે.

## શિક્ષકે કરવાની પ્રવૃત્તિ :

૧. શિક્ષક બાળકોને ''અડી અડીને છુટ્ટા'' જેવી રમત રમાડશે.

ઉદાહરણ : શિક્ષક બોલે ''ડસ્ટર''. બાળકો ડસ્ટરને અડકીને પોતાની જગ્યાએ પાછા જશે.

શિક્ષક બોલશે ''બ્લેક બોર્ડ''. બાળકો બ્લેક બોર્ડને અડકીને પોતાની જગ્યાએ પાછા જશે.

૨. બે ખુરશી ગોઠવી જેમાં એક ખુરશીનું નામ 'યસ' અને બીજીનું નામ 'નો'.

શિક્ષક બે બાળકોને બોલાવશે, વર્ગખંડની કોઈપણ વસ્તુનું નામ (વસ્તુ બનાવીને) એક બાળક બોલે જો તેમાં યસ હોય તો યસ ની ખુરશીમાં અને એ વસ્તુ નથી તો નો ખુરશીમાં બીજો બાળક બેસશે.

દા.ત. : બાળક ૧) ડસ્ટર બતાવીને,

શું આ ડસ્ટર છે ?

બાળક ૨) Yes (યસ) ની ખુરશીમાં બેસશે.

બાળક ૧) ફેન બતાવીને,

શું આ ચોક છે ?

બાળક ૨) No (નો) ની ખુરશીમાં બેસશે.

આવી રીતે બધી જ વસ્તુઓનો નિર્દેશ કરી પ્રશ્નોત્તરી કરીને ક્લાસ રૂમની વસ્તુઓથી પરિચિત કરી શકાય.

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

નીચેના સર્કલમાં ક્લાસ રૂમની વસ્તુના ચિત્રો દોરો.




**MY CLASS ROOM**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Book | બુક | ચોપડી | Chart | ચાર્ટ | ચાર્ટ |
| Chair | ચેર | ખુરશી | Picture | પિક્ચર | ચિત્ર |
| Duster | ડસ્ટર | ડસ્ટર | Colour | કલર | રંગ |
| Chalk | ચોક | ચોક | School | સ્કૂલ | શાળા |

# પગલું - ૭

## FLOWERS I KNOW (ફ્લાવર્સ આઈ નો)

હેતુ : આ પ્રકરણમાં બાળકો ફૂલોના નામથી પરિચિત થાય.

શિક્ષક મિત્રો, આપણે સૌ અલગ અલગ ફૂલોથી (Flowers) થી તો પરિચિત હોઈશું જ, આજે આપણે આપણા નાના ભૂલકાઓને પણ પ્રવૃત્તિ, અભિનય ગીત દ્વારા ફૂલોથી પરિચિત કરીશું.

શિક્ષક ફ્લાવર્સના મોહરા (માસ્ક) બનાવી વિદ્યાર્થીઓને પહેરાવશે, ત્યારબાદ વર્ગના વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછશે. જેમકે આ ક્યું ફ્લાવર (Flowers) છે ?

નોંધ : (જો શક્ય હોય તો અસલ (રીયલ) ફૂલ વિદ્યાર્થીના હાથમાં રાખી પ્રશ્નો પૂછવા)

## શિક્ષકે કરવાની પ્રવૃત્તિ :

વિદ્યાર્થીઓ ફૂલોના (ફ્લાવર્સ)ના નામથી પરિચિત થાય તે માટે શિક્ષક એક ગીત ગવડાવશે.

આ વાત કદી ના ભૂલાય,
ગુલાબને તો રોઝ કહેવાય,
કમળને તો લોટસ કહેવાય,
મોગરાને તો મોગરો જ કહેવાય,
ચંપાને તો ચંપા જ કહેવાય,
ગલગોટાને તો મેરીગોલ્ડ કહેવાય,
ચમેલીને તો જાસ્મિન કહેવાય,
આ ફ્લાવર્સ કદી ના ભૂલાય.

નોંધ : શિક્ષક સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ બીજા ફૂલોના નામનો ઉપયોગ કરી શકે છે.

- શિક્ષક ગીતનું ગાન કરાવ્યા બાદ ફ્લાવર્સ (Flowers) ના નામ વિદ્યાર્થીને ગોળાકારમાં ઉભા રાખીને એક એક ફૂલના નામ આપશે, ત્યારબાદ તેમની વચ્ચે એક ફુગ્ગો ઊછાળશે અને એક ફૂલનું નામ બોલશે. શિક્ષક જે ફૂલનું નામ બોલે તે વિદ્યાર્થી ફુગ્ગાને ટપલી (tap) કરશે. વિદ્યાર્થી ટપલી મારતી વખતે બીજા ફૂલનું નામ બોલશે તે વખતે ફુગ્ગો નીચે પડવો જોઈએ નહિ, નીચે પડે તો આઉટ ગણાશે આ રીતે રમત રમાડવી.

# કોમન ફ્લાવર્સ COMMON FLOWERS


મેરીગોલ્ડ (MARIGOLD) - ગલગોટો


રોઝ (ROSE) - ગુલાબ


સનફ્લાવર (SUNFLOWER) - સૂર્યમુખી


લીલી (LILY) - પોયણું


મંગોલિયા (MAGNOLIA) - ચંપો


લોટસ (LOTUS) - કમળ


ડેઈઝી (DAISY) - મોગરો


શ્યુફ્લાવર (SHOEFLOWER) - જાસૂદ


જાસ્મિન (JASMINE) - ચમેલી

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

શિક્ષકે ફૂલોના (ફ્લાવર્સ)ના ચિત્રોમાં વિદ્યાર્થીઓને રંગ પૂરવા કહેવું.



નોંધ : શિક્ષક બીજા કોઈપણ ફૂલો (ફ્લાવર્સ)ના ચિત્રો લઈ રંગ પુરાવી શકે.

- શિક્ષકે જુદી જુદી ટોપલીઓ પર ફૂલોના નામ લખવા, ત્યારબાદ વિદ્યાર્થીઓને ફૂલોની ટોપલીઓમાં ફૂલો શોધીને વર્ગીકરણ કરવા કહેવું.

## ન્યુ વર્ડ્ઝ (New Words) - નવા શબ્દો

Rose — - રોઝ - ગુલાબ
Lotus — લોટસ - કમળ
Mogra — મોગરા - મોગરો
Marigold — મેરીગોલ્ડ - ગલગોટો
Champa — ચંપા - ચંપો
Jasmin — જાસ્મીન - ચમેલી
**Sunflower** — સનફ્લાવર - સૂર્યમુખી

**OTHER WORLDS**

Flowers — ફ્લાવર્સ - ફૂલ
Mask — માસ્ક - મહોરું
**Picture** — પિક્ચર - ચિત્ર
Colour — કલર - રંગ
Basket — બાસ્કેટ - ટોપલો
Balloon — બલૂન - ફુગ્ગો
Classification — ક્લાસીફિકેશન - વર્ગીકરણ

# પગલું - ૮

## ડોમેસ્ટિક એનિમલ્સ (DOMESTIC ANIMALS) - પાલતું પ્રાણીઓ

હેતુ : બાળકો ડોમેસ્ટિક એનીમલ્સના અંગ્રેજી નામ ઓળખે

આ પ્રકરણમાં શિક્ષક બાળકોને નીચે મુજબના ડોમેસ્ટિક એનિમલ્સના નામથી પરિચિત કરશે.


કાઉ **(COW)** - ગાય


ડોગ **(DOG)** - કૂતરો


ઓક્સ **(OX)** - બળદ


કેટ **(CAT)** - બિલાડી


રેટ **(RATE)** - ઉંદર


બફેલો **(BUFFALO)** - ભેંસ


ગોટ **(GOAT)** - બકરી


કેમલ **(CAMEL)** - ઊંટ


શીપ **(SHEEP)** - ઘેટું


ડોન્કી **(DONKEY)** - ગધેડો


હોર્સ **(HORSE)** - ઘોડો


રેબિટ **(RABBIT)** - સસલું

શિક્ષક વર્ગખંડમાં દરેક એનીમલ્સ ને ચાર્ટ કે ચિત્રો દ્વારા દર્શાવિશે. શિક્ષક બાળકોને પૂછશે કે તેમણે તેમની આજુબાજુના વાતાવરણમાં ક્યાં ડોમેસ્ટિક એનીમલ જોયા છે?

એનીમલના અવાજ

૧. કાઉ - અમ્ભા... અમ્ભા...

૨. ડોગ - ભાઉ... ભાઉ...

૩. ઓક્ષ - ઓં... ઓં...

૪. કેટ - મ્યાઉં... મ્યાઉં...

૫. રેટ - ચું... ચું...

૬. બફેલો - બોં... બોં...

૭. ગોટ - બેં... બેં...

૮. શીપ - મેં... મેં...

૯. કેમલ - ઉંહ... ઉંહ...

૧૦. ડોંકી - હોંચી... હોંચી...

ત્યારબાદ શિક્ષક બાળકને દરેક એનીમલના અવાજ વિશે પૂછશે.

જેમકે, શિક્ષક: રેટ કેવું બોલે?

બાળક: ચું... ચું...

જો બાળકનો જવાબ ખોટો પડે અથવા ખબર ન પડે તો શિક્ષક તેના અવાજ વિશે બાળકને સાચો ઉત્તર કહેશે. આમ, દરેક એનિમલના અવાજ વિશે પૂછશે.

રમત : (એનિમલના નામ સાથે બાળકોને વેજીટેબલ પ્રકરણમાં આપેલ સર્કલ ભેગા થવાની જે રમત છે તે રમાડી શકાય.)

ગીત : શિક્ષક ગીત દ્વારા પણ એનિમલ્સના નામ શીખવી શકે છે.

અહા પોટેટો બડા મજેદાર,
એક દિન ઉસકો માઉસને ખાયા,
માઉસને ખાકે કેટ કો ભગાયા.

અહા ટોમેટો બડા મજેદાર,
એક દિન ઉસકો ડોગને ખાયા,
ડોગને ખાકે ગોટ કો ભગાયા.

અહા કેરટ બડા મજેદાર,
એક દિન ઉસકો કાઉને ખાયા,
કાઉને ખાકે ઓક્ષ કો ભગાયા.

અહા કેબજ બડા મજેદાર,
એક દિન ઉસકો ડોન્કીને ખાયા,
ડોન્કીને ખાકે કેમલ કો ભગાયા.

અહા બીન્જલ બડા મજેદાર,
એક દિન ઉસકો શીપ ને ખાયા,
શીપને ખાકે બફેલો કો ભગાયા.

- આ સિવાય શિક્ષક એનીમલ્સના માસ્ક લાવીને અભિનય સાથે નીચે મુજબનું અભિનય ગીત કરાવી શકે છે.

# અભિનય ગીત

માધા કાકાના ખેતરમાં ઈઆ... ઈઆ...ઓ... (૨)

ખેતરમાં બેઠી તી કાઉ ઈઆ... ઈઆ...ઓ...

આ બાજુ અમ્ભા અમ્ભા, પેલી બાજુ અમ્ભા અમ્ભા

ચારે બાજુ અમ્ભા અમ્ભા...

માધા કાકાના ખેતરમાં...

ખેતરમાં બેઠો તો ડોગ ઈઆ... ઈઆ...ઓ...

આ બાજુ ભાઉ ભાઉ, પેલી બાજુ ભાઉ

ચારે બાજુ ભાઉ ભાઉ...

માધા કાકાના ખેતરમાં...

આમ, શિક્ષકે ઉપરોક્ત ગીત દરેક એનીમલને આવરી લઈ અભિનય સાથે કરાવવું. શિક્ષક બાળકોને નીચેમ જુબની રાઈમ ગવડાવશે.

કાઉ એટલે ગાય,
ઘાસ ખાતી જાય,
ડોગ એટલે કૂતરો,
એને રમાડે છોકરો.

ઓક્ષ એટલે બળદ,
બળદ ને ભાવે અડદ,
કેટ એટલે બિલાડી,
રંગે તો બહુ રૂપાળી.

રેટ એટલે ઉંદર,
રહે તે દરની અંદર,
બફેલો એટલે ભેંસ,
છાની માની બેસ.

ગોટ એટલે બકરી,
ખાતી જાય તે ચકરી,
શીપ એટલે ઘેટું,
ઘરની બહાર બેઠું.

• શિક્ષક એનીમલ્સના નામે આવરી લેતી નીચે મુજબની સ્ટોરી બાળકોને કહેશે.

## સ્ટોરી...

એક ગામ હતું, જેનું નામ હતું પાલનપુર. એ ગામમાં લોકોની સાથે ઘણા બધા એનીમલ્સ પણ રહેતા હતા. જેમકે, કેટ, ડોગ, ઓક્ષ, કાઉ, બફેલો, ડોન્કી, ગોટ, શીપ અને કેમલ. એ ગામમાં એક રેટ પણ રહતું હતું. એ રેટ ખૂબ જ દુ:ખી હતું. એક વખત એ ખૂણામાં ઉદાસ થઈ બેઠું હતું કે ત્યાં જ એક ઋષિની નજર એના ઉપર પડી. ઋષિએ તે રેટ ને પૂછ્યું કે, 'અલા રેટ, તું આટલો ઉદાસ કેમ છે? શું થયું?'. રેટ કહે, 'હું પેલી કેટથી કંટાળી ગયો છું. એને તો મારું જીવવું મુશ્કેલ કરી દીધુ છે.' ઋષિને એ રેટ પર દયા આવી. ઋષિએ કહ્યું, 'સારું હું તારી આ મુશ્કેલી દૂર કરી દઉં છું, અને તને કેટ જ બનાવી દઉં છું.' પછી તો રેટ ખુશ ખુશ થઈ ગયો, પણ થોડા દિવસો પછી એજ કેટ દુ:ખી થઈને ઋષિ પાસે આવે છે અને કહે છે, 'ઋષિ મહારાજ હું પેલા ડોગથી તો હેરાન થઈ ગયો છું. જ્યારે જુઓ તયારે મને મારી નાખવા તૈયાર હોય છે, મહારાજ હવે તમે જ મારી મદદ કરો, ઋષિને કેટની દયા આવી અને તેમણે કેટ ને ડોગ બનાવી દીધો, ડોગ તો હવે ખૂબ જ ખુશ થઈ ગયો, પણ વળી પછી થોડા દિવસોમાં પેલો ડોગ વિલા મોંઢે ઋષિ મહારાજ પાસે આવ્યો અને ઋષિને કહેવા લાગ્યો કે મહારાજ મને ત્રણ દિવસથી કઈ ખાવાનું મળ્યું નથી, મારે ખોરાક માટે રોજ રોજ શેરીઓંમાં, ગલીઓમાં ભટકવું પડે છે. મહારાજ હવે તમે જ આનો ઉપાય સૂચવો'. ઋષિ તો દયાળું હતા જ તેથી તેમનેડોગને કહ્યું કે, 'સારું તને લોકો મળે અને તને રોજ ખાવાનું આપે એ માટે હું તને ગોટ બનાવી દઉં છું'. હવે એ ગોટને ખાવાની કોઈ તકલીફ ન હતી, એને એક ખેડૂતે લઈ લીધી અને રોજ ખાવા માટે ચારો મળતો. એક દિવસ એ ગામમાં બલી પૂજા થઈ અને એ બલી પૂજા માટે એ ખેડૂતની તાજી ગોટ પસંદ કરવામાં આવી. ગોટ તો ખૂબ જ ગભરાઈ ગઈ અને રાત થતા જ એ ખેડૂતનું ઘર છોડી ઋષિ મહારાજ પાસે આવી અને ઋષિ મહરાજને બધી વાતની જાણ કરી. ઋષિ મહારાજ ને તો જીવો ઉપર અપાર દયા. તેથી ઋષિ મહારાજે ગોટ ને શીપ બનાવી દીધી કે જેથી એની બલી આપવામાં ન આવે, હવે એ શીપ તો ખૂબ જ ઉપયોગી બની ગયો હતો. કારણકે એના શરીર પરના વાળ ઉન તરીકે સ્વેટર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા હતા. વળી પાછી તકલીફ ઉભી થઈ. શીપ ને વારે ઘડીએ એનું ઉન કાઢી લેવાની પ્રક્રિયા કંટાળા જનક લાગતી, જેથી એ ફરીથી ઋષિ પાસે ગયો અને ઋષિને પોતાની વ્યથા કીધી. ઋષિએ દયા કરીને શિપને બફેલો બનાવી દીધું, બફેલો તો હવે એક મોટા જમીનદાર ના ઘરે આવ્યું. બફેલોને ત્યાં ખૂબ જ ખાવા પીવાનું આપતા હતા અને તે સુખેથી રહેતુ હતું. ત્યાં એ જમીનદારના ઘરમાં બફેલોઝ તો હતા જ પણ સાથે સાથે કાઉઝ પણ હતા, એ બફેલો ત્યાં જોતો હતો કે કાઉની દર વાર તહેવારે પૂજા કરવામાં આવે છે, તો પછી મારી કેમ નહિ? હું પણ કાઉ ની જેમ દૂધ આપું છું. જે કાઉ કરે છે એ જ હું પણ કરું છું. તો પછી મને પૂજવામાં શા માટે નથી આવતું? આ વિચાર તેને ખૂબ જ હેરાન કરે છે. જેથી એ રાત્રે છૂટીને ઋષિ મહરાજને આ વિશે જાનણ કરે છે. ઋષિ મહારાજ એની વિનંતીને લીધે એ બફેલોને કાઉ બનાવી દે છે. કાઉ બન્યા પછી તેને પોતાના ઉપર ખૂબજ ઘમંડ આવી જાય છે. એક વખત એને રસ્તામાં એક ઓક્ષ મળે છે અને એ ઓક્ષ કાઉ ને પૂછે છે કે, 'કાઉ બેન કેમ છો? મજામાંને? પણ કાઉ ને પોતાની ઉપર ખૂબ ઘમંડ હોય છે, જેથી તે ઓક્ષ ને કહે છે કે 'જા જા હું તારા જેવા મજૂરો જોડે વાત નથી કરતી. તમે બધા ઓક્ષ તો માત્ર ને માત્ર મજૂરી કરવાને લાયક છો. તમને

ક્યાં મારી જેમ માન પાન આપવામાં આવે છે'. કાઉ આ વાત કહેતી હતી, ત્યાંજ ત્યાંથી પેલા ઋષિ મહારાજ જતા હતા. તેમણે કાઉ ની બધી વાત સાંભળી લીધી, જેથી કાઉનું ઘમંડ ઉતારવા ઋષિએ કાઉ ને ઓક્ષ બનાવી દીધી, હવે ઓક્ષ ને રોજ કંઈક ને કંઈક મજૂરી કરવી પડતી અને એમાં પણ ખેતર ખેડવાનું કામ તો એના માટે અસહ્ય હતું, જેથી એ ઓક્ષ ઋષિ મહારાજ પાસે ગયું અને વિનંતી કરી કે મહરાજ મને માફ કરીદો પણ મને આ ઓક્ષમાંના જીવનમાંથી મુક્તિ આપી દો. ઋષિ મહારાજનો ગુસ્સો ઓગળી ગયો અને તેમણે ઓક્ષને કેમલ બનાવી દીધું, હવે કેમલ ને તો રણપ્રદેશમાના કેમલ પાસ લઈ જવામાં આવ્યું અને રણપ્રદેશમાં કેમલ પાસે કામ લેવામાં આવતું, એક બે વરસમાં તો કેમ આનાથી કંટાળી ગયું, એણે મનોમન નક્કી કર્યું કે હું આનો ઉકેલ મેળવીને જ રહીશ. એક દિવસ એને રણ પ્રદેશ છોડી દીધું અને ચાલતા ચાલતા ઋષિ મહરાજ પાસે પહોંચ્યું. ત્યા તેણે ઋષિ મહારાજને રણપ્રદેશની તપતી ગરમીમાં કરાવવામાં આવતા કામ વિશે વાત કરી અને કહ્યું કે, 'હું તો ખૂબ જ થાકી ગયો છું, તમે જ મને બચાવો'. ઋષિ મહારાજ એને કહે છે કે, 'તો સારું હું તને ડોન્કી બનાવી દઉં છું, જેથી તને રણપ્રદેશની ગરમાં કામ કરવું ના પડે' અને કેમલ ડોન્કી બની ગયું અને ડોન્કીનો તો સ્વભાવ જ લાત મારવાનો હોય છે, જેથી ડોન્કી બન્યા પછી એણે પહેલી લાત તો ઋષિ મહારાજ ને જ મારી, જેથી ઋષિ મહારાજ ગુસ્સે ભરાયા અને તેમણે ડોન્કી ને ફરીથી રેટ બનાવી દીધું.

## મૂલ્યાંકન :

આ એક્ટીવીટીના અંતે શિક્ષક બાળકોને એનીમલ્સ ના ચિત્રો બતાવી તેના લક્ષણો કહેશે અને બાળકે તેનું નામ ઓળખવાનું રહેશે.

જેમ કે શિક્ષક : હું માજંરી આઈસ વાળી છું. હું દૂધ પીઉં છું અને મ્યાઉં મ્યાઉં બોલું છું.

હું કોણ?

બાળક કહેશે : કેટ

આમ, આ પ્રવૃત્તિ દ્વારા શિક્ષક બાળકનું મૂલ્યાંકન કરી શક અને બાળકો એનીમલ્સના લક્ષણો જાણી શકે છે. આ પ્રવૃત્તિ આપેલ દરેક એનીમલ્સના નામ માટે કરવી.

ગીત : (શિક્ષક બાળકનું મૂલ્યાંકન કરવા વેજીટેબલ પ્રકરણમાં મૂલ્યાંકનમાં આપેલ ''આ વાત કદી ના ભૂલાય'' ગીત કરાવી શકે છે.)

# પગલું - ૯

## ટૂર ટુ ઝુ (Tour to Zoo) પ્રાણી સંગ્રહાલયની સફર

- આ અભિનય ગીત કરાવતા પહેલા શિક્ષકે વર્ગના દરેક વિદ્યાર્થીને ઉપર આપેલા પ્રાણીઓના કાર્ડ કટિંગ કરેલા પહેરાવશે, જેથી કરીને વિદ્યાર્થીઓ પ્રાણીઓના નામથી સારી રીતે પરિચિત થાય.

એનીમલ્સની મોટર ચાલી પમ... પમ... પમ...
એમાં બેઠો લાયન,
લાયન તો જંગલોન રાજા,
રાજા સૌથી આગળ બેઠો પમ... પમ... પમ...

એનીમલ્સની મોટર ચાલી પમ... પમ... પમ...
એમાં બેઠો ટાયગર,
ટાયગર તો લાયનનો ફ્રેન્ડ,
ટાયગર તેની પાછળ બેઠો પમ... પમ... પમ...

એનીમલ્સની મોટર ચાલી પમ... પમ... પમ...
એમાં બેઠો એલીફન્ટ,
એલીફન્ટ ભાઈ તો મોટા,
લાંબી સૂંઢ વાળા પમ... પમ... પમ...

એનીમલ્સની મોટર ચાલી પમ... પમ... પમ...
એમાં બેઠું ડીયર,
ડીયર લાગે સુંદર,
ડીયર ભાઈ ગાડીમાં બેઠા પમ... પમ... પમ...
છેલ્લું બેઠું રેબીટ,
રેબીટ લાગે ડાહ્યું,
ચુપ ચાપ તે ગાડીમાં બેઠું પમ... પમ... પમ...

ઉપરનું અભિનય ગીત કરાવ્યા બાદ શિક્ષક નીચે આપેલા પ્રાણીઓના ચિત્રો બતાવશે.


LION (લાયન) સિંહ


TIGER (ટાયગર) વાઘ


DEER (ડિયર) હરણ


ELEPHANT (એલીફન્ટ) હાથી


ZEBRA (ઝીબ્રા) ઝીબ્રા


GIRAFFE (જિરાફ) જિરાફ


LEOPARD (લેપર્ડ) ચિત્તો


BEAR (બેઅર) રીંછ

ત્યાર બાદ શિક્ષક પૂછશે આ ANIMALS – એનીમલ્સ તમને બીજે ક્યાં ક્યાં જોવા મળે છે ?

અપેક્ષિત જવાબ : જંગલ, પ્રાણીસંગ્રહાલય.     શિક્ષક કહેશે, 'સરસ'.

## જંગલ (ફોરેસ્ટ)નું ચિત્ર



## સર્કસનું ચિત્ર







## ઝૂ-પ્રાણીસંગ્રહાલયનું ચિત્ર



સારું, ચાલો હું તમને જંગલની વાર્તા કહું તમને ખબર છે જંગલને ફોરેસ્ટ પણ કહેવાય.

- વાર્તા કહેતા પહેલા વિદ્યાર્થીઓને આપેલ એનીમલ્સના માસ્ક પહેરાવવા અને બને તો ડ્રામા (નાટક) કરાવડાવવા.

## વાર્તા : રેબીટ અને લાયન

એક હતું ફોરેસ્ટ. ફોરેસ્ટમાં જુદા જુદા એનીમલ્સ રહેતા હતા, જેવા કે લાયન, ટાઈગર, એલીફન્ટ, ડીયર, રેબીટ વગેરે. આ ફોરેસ્ટનો રાજા લાયન હતો. આ લાયન ખુબ જ ગુસ્સા વાળો હતો તેનાથી બધાજ એનીમલ્સ ખુબ ડરતા હતા, એવરીડે (દરરોજ) તે ઘણા બધા એનમલ્સ ખાઈ જતો હતો. એક દિવસ (વન ડે) રેબીટને વિચાર આવ્યો કે આ લાયનને પાઠ ભણાવવો પડશે. તેણે બધા એનિમલ્સને કહ્યું કે રોજ આપણે વન બાય વન એનીમલને લાયન પાસે મોકલીશું. સૌથી પહેલા લાયન પાસે ખબર છે કોણ ગયું ? એ તો એલીફન્ટ ગયો તો ! એલીફન્ટ તો બહુ જાડો ! લાંબી સૂંઢ વાળો ! તો પણ લાયયન તો તેને ખાઈ ગયો. પછી મંકી જે ઝાડ ઉપર કૂદા-કૂદ કરતો હોય છે અને હૂપ હૂપ કરતો હોય છે ને ! તેનો વારો આવ્યો, તેને પણ લાયન ખાઈ ગયો. ડીયર તો બહુ ડાહ્યું, તે તો કઈ બોલેજ નહિ લાયન તો ડીયરને પણ ખાઈ ગયો. હવે આવ્યો વ્હાઈટ-વ્હાઈટ રેબીટનો વારો. રેબીટને તો કેરટ બહુ ભાવે તેણે એક આઈડિયા કર્યો તે લાયનને કૂવા આગળ લઈ ગયો અને કહ્યું કે આ કૂવામાં બીજો પણ લાયન છે. એ લાયન તને ખાઈ જશે, આ સાંભળી લાયન ખુબ ગુસ્સે થયો અને તેણે બીજા લાયનને મારવા માટે કૂવામાં જમ્પ કર્યો.

અરે.... રે.... લાયન તો બિચારો મરી ગયો.

રેબીટભાઈ તો ફાવી ગયા અને ગાવા લાગ્યા....

બચી ગયા રે ભાઈ બચી ગયા...

લાયનનાં ત્રાસમાંથી છૂટી ગયા...

છૂટી ગયા રે ભાઈ છૂટી ગયા...

આ સાંબળીને બધા એનીમલ્સ ખૂબ ખૂબ ખુશ થઈને નાચવા લાગ્યા, મજા આવીને બાળકો.

વાર્તામાં આવતા પ્રાણીઓના નામનું દ્રઢીકરણ કરાવવા માટે નીચેનું અભિનય ગીત શિક્ષકે કરાવવાનું છે.

# એનીમલ્સ માટે જોડકા

| A | B |
|---|---|
|  | RABBIT<br>(રેબીટ) સસલું |
|  | DEER<br>(ડિયર) હરણ |
|  | ELEPHANT<br>(એલીફન્ટ) હાથી |
|  | MONKEY<br>(મંકી) વાંદરો |
|  | TIGER<br>(ટાયગર) વાઘ |
|  | LION<br>(લાયન) સિંહ |

# હું શું શીખ્યો ? / મેં શું જાણ્યું ?

વિદ્યાર્થીઓ પ્રાણીઓના નામથી પરિચિત થયા છે તે જાણવા માટે નીચેના જેવા રીડ્લ્સ (કોયડા) પૂછવા.

૧. એવું કયું પ્રાણી છે જે જંગલનો રાજા છે ? બધા પ્રાણીઓ તેનાથી બહુ ડરે છે. (લાયન)

૨. એવું કયું પ્રાણી છે જેના શરીર ઉપર યલો અને બ્લેક પટ્ટા છે ? (ટાયગર)

૩. એવું કયું પ્રાણી છે જેના પગ થાંભલા જેવા છે અને લાંબી સૂંઢ છે ? (એલીફન્ટ)

૪. એવું કયું પ્રાણી છે જેને કેરટ બહુ ભાવે છે અને જેનો કલર વ્હાઈટ છે ? (રેબીટ)

૫. એવું કયું પ્રાણી છે જે એક ઝાડ પરથી બીજા ઝાડ પર કુદા-કુદ કરે છે ? (મંકી)

## ન્યુ વર્ડ્ઝ (New Words) - નવા શબ્દો

Everyday - એવરી ડે - દરરોજ

Jungle - જંગલ - જંગલ

Forest - ફોરેસ્ટ - જંગલ

Zoon - ઝૂ - પ્રાણી સંગ્રહાલય

One - વન - એક

Idea - આઈડિયા - વિચાર-યુક્તિ

Jump - જમ્પ - કૂદકો

Snake - સ્નેક - સાપ

And - એન્ડ - અને

Ladder - લેડર - સીડી

Eat - ઈટ - ખાવું

I - આઈ - હું

Tour - ટૂર - પ્રવાસ

# પગલું - ૧૦

## NUMBERS (નંબર્સ)

શિક્ષક બાળકોને નંબરની જાણકારી નીચેના અભિનય ગીત દ્વારા કરાવશે. શિક્ષક બાળકોને નંબરનો ચાર્ટ બબતાવીને પણ આ અભિનય ગીત કરાવી શકે છે.

હેતુ : બાળકો ૧ થી ૧૦સુધીના અંગ્રેજી આંકડાથી પરિચિત થશે.

## અભિનય ગીત - એક્શન સોંગ

વન - ટુ, આવ ભાઈ તું,
થ્રી - ફોર, મીઠા મીઠા બોર,
ફાઈવ-સીક્સ, પહેરે બાબો જીન્સ,
સેવન-એઈટ, લાવ મારી સ્લેટ,
નાઈન-ટેન, આવી ગઈ ટ્રેન.

## શિક્ષકે કરાવવાની પ્રવૃત્તિ :

શિક્ષક બોર્ડ પર નીચે મુજબનું નંબર નું ચિત્ર દોરશે અને તેમાં આપેલ નંબર જેવા જ કેટલા નંબર તેના અંદર છે તેના પર ◯ (ગોળ) કરશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 7 | 2 | 9 | 10 | 3 | 5 | 8 | 6 |
| 9 | 6 | 1 | 4 | 3 | 2 | 8 | 6 | 5 | 17 |
| 8 | 3 | 9 | 10 | 2 | 1 | 4 | 6 | 7 | 5 |
| 9 | 7 | 5 | 8 | 6 | 4 | 2 | 10 | 13 | 1 |

નોંધ : શિક્ષક આવીરીતે ૧ થી ૧૦ સુધી બધા જ નંબરમાં આવી પ્રવૃત્તિ કરાવી શકે છે.

**પ્રવૃત્તિ :** શિક્ષક બાળકોને મેદાનમાં રમવા લઈ જશે અને પૂછશે 'કેટલા રે કેટલા'.

બાળકો બોલશે 'તમે કહો એટલા'

(શિક્ષક ૧ થી ૧૦ સુધીના આંકડા અંગ્રેજીમાં બોલશે.)

મૂલ્યાંકન : શિક્ષક બોર્ડ પર નીચે મુજબના નંબર્સ ઓળખવા માટે કસોટી આપશે.

## યોગ્ય જોડકા જોડો

| અ | બ |
|---|---|
| 1 | 4 |
| 2 | 1 |
| 3 | 7 |
| 4 | 9 |
| 5 | 3 |
| 6 | 2 |
| 7 | 8 |
| 8 | 10 |
| 9 | 5 |
| 10 | 6 |

નીચે આપેલ ચિત્રમાં આપેલ નંબર જેવા જ નંબર પર ◯ (વર્તુળ) કરો.



નીચે આપેલ ચિત્રમાં આપેલ નંબર જેવા જ નંબર પર ◯ (વર્તુળ) કરો.



નીચે આપેલ ચિત્રમાં આપેલ નંબર જેવા જ નંબર પર ◯ (વર્તુળ) કરો.



નીચે આપેલ ચિત્રમાં આપેલ નંબર જેવા જ નંબર પર ◯ (વર્તુળ) કરો.



# સ્ટોરિઝ (Stories) વાર્તા રે વાર્તા

## વેજીટેબલ્સની નૌટંકી

એક હતી વેજીટેબલની દુકાન, એના માલિક મગનભાઈ દરરોજ અલગ અલગ વેજીટેબલ્સ રાખે. જેવા કે, બ્રીન્જલ, પોટેટો, ટોમેટો, બિટર ગાર્ડ, લેડીઝ ફિંગર, કોલી ફ્લાવર, કેબેજ, બીટ, કોરીએંડર, કેરટ, ચીલી બધું જ.

વન ડે મગનભાંઈ કંઈક કામે બહારગામ ગયા, બધા જ વેજીટેબલ્સ અંદરો અંદર ટોક કરવા લાગ્યા, બ્રીન્જલ કહે, 'એ પોટેટો તો જો, બધાજ વેજીટેબલ્સમાં જઈને બેસી જાય છે. આવું તો કંઈ હોતું હશે ! આ પોટેટો બહુ પંચાતિયો પણ છે. જ્યાં અને ત્યાં ગમે તે વેજીટેબલ્સ સાથે પંચાત કરતો જ ફરે છે.' એવામાં વચ્ચે કોલી ફ્લાવર બોલ્યું, 'એને જવાદો, બીટ ને તે જોયું છે, તે તો હંમેશા ગુસ્સામાં લાલ લાલ (રેડ રેડ) જ હોય છે. એને તો ફક્ત ઓનિયન જ સીધું કરી શકે. ને આ ટોમેટો લેડીઝ ફિંગર સાથે બોલતું કેમ નથી ? આપણે બધા એક જ નાતના છીએ અને આમ ના બોલીએ તે ચાલે !! અને આ ચીલી ને જુઓ તે બધા સાથે હળીમળીને રહે છે.'

ત્યાંજ પોટેટો બોલી ઉઠ્યો, 'હું તો બધે જ સેટ થાઉં છું. પણ આ બિટર ગાવર્ડ સાથે તો ફાવતું જ નથી. ભલભલાના તાવ ઉતારી દે છે તેઓ. જ્યારે બોલે ત્યારે કડવું જ બોલે. છોડો બધાની પંચાત, આ જુઓ કેબેજ, નરો વ કુંજરો વા. અંતે તો બધાને રહેવું છે તો મગનભાઈને ત્યાં જ ને !!'

એવામાં જ મગનભાઈ આવી ગયા, ને બધા ચૂપચાપ પોત પોતાની ટોપલીમાં બેસી ગયા.

## વાર્તા રે વાર્તા

# જંગલ બુક

એક હતું જંગલ. તેમાં એલીફન્ટ, ટાયગર, જિરાફ, પાન્ડા, રેબીટ, બીયર, ફોક્સ, ડોગ, ડીયર, ઝીબ્રા, ચિત્તા, સ્નેક, મંકી, ચિમ્પાન્જી બધાજ રહે, એમની સાથે એક નાનો બબુડો રેટ પણ રહે. આ જંગલનો કિંગ હતો એક લાયન. લાયનભાઈ તો એટલા મદમસ્ત અને અભિમાની કે તેઓ તો કોઈનું કંઈ સાંભળે જ નહિ.

વન ડે, એક સ્મોલ રેટ (ઉંદરભાઈ) આમ તેમ દોડતા હતા તો લાયન સર બોલ્યા, 'એ રેટ, શું દોડ-દોડ કરે છે? એક તો નકામો છે ને...!' રેટભાઈ બોલ્યા ઓય કિંગ, એવું નથ, યાદ રાખજો હું તમને એક દિવસ કામ લાગીશ. થોડાક ડેઈસ પછી, એક શિકારી આવ્યો એણે લાયન પર નેટ નાખી અને લાયનભાઈ બરાબરના પકડાયા. લાયનભાઈએ તો બહુ જ ધમપછાડા કર્યા, પણ કંઈ કરી શક્યા નહિ, એટલામાં રેટ ભાઈએ જોયું કે લાયનભાઈ તો ફસાયા છે. રેટ ભાઈએ તેમની ટીમ બોલાવી અને બધા ભેગા થઈને શિકારી ભાઈની નેટ જેમાં લાયનભાઈ ફસાયેલા તેને તેમના ટીથ થી કટ કરવા માંડ્યા. લાયનભાઈ તો ગળગળા થઈ ગયા અને તેઓસોરી ફિલ કરવા લાગ્યા.

તેમણે રેટભાઈ અને તેમની ટીમને પોતાને છોડાવવા માટે થેક્યું કહ્યું. રેટભાઈ અને તેમની ટીમ પણ બોલી કે, 'કોઈ પણ સ્મોલ એનીમલ કોઈ દિવસ નકામું હોતું નથી. અમે કોણ? નાના પણ રાઈના દાણા...'

# રાઈમ્સ (RHYMES) કાવ્ય

**(1) Rain rain.**

Rain rain come again.... (3)
રેઈન રેઈન કમ અગેઈન
Little Johny wants to play
લીટલ જોની વોન્ટ્સ ટુ પ્લે
Rain rain.................. (2)
રેઈન.... રેઈન....
I want to play now
આઈ વોન્ટ ટુ પ્લે નાઉ
Rain rain.................. (2)
રેઈન.... રેઈન....

**(2) Johny Johny**

Johny Johny, Yes Papa
જોની જોની, યસ પાપા
Eating sugar ? No, Papa.
ઈટીંગ શુગર – નો પાતા
Telling lies ? No, Papa.
ટેલીંગ લાઈસ ? નો પાપા
Open your mouth
ઓપન યોર માઉથ
Ha, Ha, Ha.
હા... હા... હા...

**(3) Twinkle, Twinkle.**

Twinkle, Twinkle, little stars
ટ્વીન્કલ ટ્વીન્કલ, લીટલ સ્ટાર્સ
How I wonder what you are
હાઉ આ વન્ડર વોટ યુ આર
Up above the world so hight
અપ અબવ દ વર્લ્ડ સો હાઈ
Like a diamond in the sky
લાઈક અ ડાયમંડ ઈન દ સ્કાય.

**(4) A, B, C, D.....**

A B C D E F G H I J
K L M N O P Q R S T
U V W X Y Z (ઝી)
Z (ઝી) Oh dear me.
ઓ ડીયર મી.
When shall I lean my ABC ?
વ્હેન શેલ આઈ લર્ન માય એ.બી.સી.?

**(5) One... Two... Three...**

One, two, three, four, five.
વન, ટુ, થ્રી, ફોર, ફાઈવ.
One I caught a fish alive
વન્સ આઈ કોટ અ ફીશ અલાઈવ
Six, seven, eight, nine, ten.
સીક્સ, સેવન, એઈટ, નાઈન, ટેન
Then I let it go away
ધેન આઈ લેટ ઈટ ગો અવે
Why did u let it go ?
વ્હાય ડીડ યુ લેટ ઈટ ગો.
Because it bit my finger so
બીકોઝ ઈટ બીટ માય ફિંગર સો.
Which finger did it bite ?
વ્હિચ ફિંગર ડીડ ઈટ બાઈટ ?
This little finger on the right
ધીસ લીટલ ફિંગર ઓન ધ રાઈટ.

# LOAN WORDS - ગુજરાતી ભાષામાં વપરાતા અંગ્રેજી શબ્દો.

ધોરણ-૩ માં અંગ્રેજીને શીખવતા પહેલા જ વિદ્યાર્થીઓનો આત્માવિશ્વાસ જીતી લઈએ તો આ નવત્તર પ્રયોગમાં ધારી સફળતા મળશે. અંગ્રેજીના એવા અનેક શબ્દો છે જેનો આપણે રોજબરોજના જીવનમાં ઉપયોગ કરીએ છીએ. જો આજ શબ્દો વિશે વિદ્યાર્થીઓ પણ જાણે તો તેઓ અંગ્રેજી ભાષાને પસંદ કરતા થશે અને આ ભાષાને સરળતાથી શીખશે.

| | | | |
|---|---|---|---|
| Table | ટેબલ | Chain | ચેઈન |
| Chalk | ચોક | Tyre | ટાયર |
| Duster | ડસ્ટર | Bank | બેંક |
| Pen | પેન | Pipe | પાઈપ |
| Pencil | પેન્સિલ | Puncture | પંક્ચર |
| Teacher | ટીચર | Speaker | સ્પિકર |
| Driver | ડ્રાઈવર | File | ફાઈલ |
| Hotel | હોટલ | Bulb | બલ્બ |
| Bus | બસ | Keychain | કીચેઈન |
| Blackboard | બ્લેકબોર્ડ | Kitchen | કિચન |
| Class | ક્લાસ | Hospital | હોસ્પિટલ |
| Room | રૂમ | Time | ટાઈમ |
| Switch | સ્વિચ | Recess | રિશેષ |
| T.V. | ટી.વી. | Glass | ગ્લાસ |
| Ticket | ટીકીટ | Uniform | યુનિફોર્મ |
| Radio | રેડિયો | Bell | બેલ |
| Purse | પર્સ | Wire | વાયર |
| Paper | પેપર | Mike | માઈક |
| Mobile | મોબાઈલ | Horn | હોર્ન |
| Pen | પેન | Camera | કેમેરા |
| Size | સાઈઝ | Tray | ટ્રે |
| Dish | ડીસ | Sing | સાઈન |
| Notebook | નોટબુક | Brush | બ્રશ |
| Diary | ડાયરી | Station | સ્ટેશન |
| Dairy | ડેરી | Stop | સ્ટોપ |

# નોટ્સ (Notes) નોંધ


1 2 3
4 5 6 7
8 9 0


A B C D E F G
H I J K L M N
O P Q R S T
U V W X Y Z



संस्कृता स्त्री पराशक्ति ।

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ (ગ્રામ્ય)